# તકનીકી લેખક

તકનીકી લેખક બે કે તેથી વધુ પક્ષોને, સ્પષ્ટ અને તેઓ સમજી શકે તેવી રીતે જટિલ અથવા તકનીકી માહિતી પહોંચાડવા માટે જવાબદાર છે. તેમના કાર્યોમાં મુખ્યત્વે જોબ-એડ્સ, સહાયક દસ્તાવેજો, સોફ્ટવેર એપ્લિકેશન્સ માટેના યુઝર મેન્યુઅલ્સ વગેરે જેવા એપ્લિકેશન્સ સંબંધિત તકનીકી દસ્તાવેજો તૈયાર કરવાનો સમાવેશ થાય છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે ઉત્તમ લેખન કૌશલ્ય ધરાવો છો
- તમે સર્જનાત્મક અભિગમ ધરાવો છો
- તમે વિગતો પર ધ્યાન આપો
- શીખવવું કે તાલીમ આપવી તમને પસંદ છે

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧૦,૦૦૦ થી ૩,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. તમારી પસંદગીના વિષયમાં સ્નાતકની ડિગ્રી મેળવો. ત્યારબાદ, માસ કોમ્યુનિકેશન અને પત્રકારિત્વમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

તમારી પસંદગીના વિષયમાં સ્નાતકની ડિગ્રી મેળવો. ત્યારબાદ, તકનીકી લેખનમાં પી.જી. ડિપ્લોમા/સર્ટિફિકેટ કોર્સ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

તકનીકી લેખકનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૨૦,૦૦૦ થી ૪૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત : https://bit.ly/3CYY2cG

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ભારે મશીનરી ઉદ્યોગ, સોફ્ટવેર ઉદ્યોગ, ઓટોમોબાઈલ ઉત્પાદન ઉદ્યોગ, તબીબી ઉદ્યોગ, આરોગ્ય સંભાળ ક્ષેત્ર, શિક્ષણ ક્ષેત્ર, વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ :** મુખ્યત્વે તમે ઓફિસમાં બેસીને કામ કરશો. તમારા કામના કલાકો અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ, દરરોજ ૯ થી ૧૦ કલાક સુધીના હોઈ શકે છે. કંપની મુજબ તેમાં ફેરફાર થઇ શકે છે. સમગ્ર સંસ્થામાં માહિતીના પ્રવાહનું સંચાલન કરવા માટે તમે ઈજનેરો તેમજ અન્ય તકનીકી નિષ્ણાતો સાથે કામ કરશો.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

### અપેક્ષિત પ્રગતિ પથ

તકનીકી લેખક → વરિષ્ઠ તકનીકી લેખક, લીડ તકનીકી લેખક → મેનેજર તકનીકી ડોક્યુમેન્ટેશન → ડોમેન લીડ/ઓફરિંગ લીડ → સિનિયર મેનેજર - તકનીકી ડોક્યુમેન્ટેશન

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ટેક્નિકલ કોમ્યુનિકેટર, સોફ્ટવેર ડોક્યુમેન્ટેશન એક્સપર્ટ, ટેક્નિકલ ડોક્યુમેન્ટેશન એક્સપર્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વિજ્ઞાન / એન્જિનિયરીંગ / માસ કોમ્યુનિકેશન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ભારતીય વિજ્ઞાન સંસ્થા (આઇ.આઇ.એસ.સી.), બેંગલુરૂ
૨. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા
૩. કેરળ યુનિવર્સિટી, તિરુવનંતપુરમ
૪. ઉત્કલ યુનિવર્સિટી, ભુવનેશ્વર
૫. સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટી, પુણે
૬. એમ.એસ.યુ., વડોદરા
૭. જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી, નવી દિલ્હી
૮. વી.એન.એસ.જી.યુ., સુરત

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. સેન્ટ ઝેવિયર્સ કોલેજ, મુંબઈ
૨. સિમ્બાયોસિસ ઈન્સ્ટિટ્યુટ ઓફ મીડિયા એન્ડ કોમ્યુનિકેશન, પુણે
૩. માઈકા (એમ.આઈ.સી.એ.) અમદાવાદ
૪. ટાઈમ્સ સ્કૂલ ઓફ જર્નાલિઝમ, નવી દિલ્હી
૫. મણિપાલ ઈન્સ્ટિટ્યુટ ઑફ કોમ્યુનિકેશન્સ, મણિપાલ
૬. અમદાવાદ યુનિવર્સિટી, અમદાવાદ
૭. એસ.આર.એમ. ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ચેન્નાઈ
૮. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://nptel.ac.in/courses/109106094
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

**મને સ્કેન કરો**

વેબસાઈટ પર જુઓ

### સાફલ્ય ગાથા

**લિસા મેલોનકોન** સિનસિનાટી યુનિવર્સિટીમાં વ્યાવસાયિક અને તકનીકી લેખનના સહાયક પ્રોફેસર છે. લિસા વિજ્ઞાન અને લેખન પ્રત્યે પ્રેમ કેળવવાના ઉદ્દેશ્ય સાથે અંડરગ્રેજ્યુએટ અને ગ્રેજ્યુએટ અભ્યાસક્રમો ભણાવે છે. તેઓ માને છે કે "શબ્દો અને તેમની ઉત્પત્તિ આકર્ષક શોધ માટે થઈ છે".*

સ્ત્રોત : https://www.usf.edu/arts-sciences/departments/english/people/bios/meloncon-lisa.aspx

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.